

ગાંધીનગરની સેવાકીય સંસ્થા જુનીયર સીટીઝન કાઉન્સિલ અને સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ ગાંધીનગર દ્વારા ટાઉનહોલ ગાંધીનગર ખાતે એક લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જુ.સી.કા.ના ગામેથી જાણીતી નગરની આ સેવાકીય સંસ્થાના ૧૫મા વર્ષમાં મંગલમય પ્રવેશને આવકારવા આ ડાયરાનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં જુ.સી.કા.ના ૧૦ કર્મચારીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. ગુજરાતના લોકડાયરાનાં જાણીતા સાહિત્યકાર કલાકાર રાજભા ગઢવીએ હાજર પ્રેક્ષકોની ભરપુર દાદ મેળવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# ૧૩ મણ પેંડા વહેંચી પોતાની બાધા છુટી કરશે

## મોદી પી.એમ. બને તે માટે વિરમભાઈએ બાધા રાખી હતી

ગાંધીનગર, તા.૨૦

જયારથી નરેન્દ્ર મોદીને પી.એમ. પદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા ત્યારથી તેમના ભકતો દ્વારા તેઓ પી.એમ. બને તે માટે આકરી બાધાઓ રાખી હતી. હવે જયારે મોદી પી.એમ. પદના શપથ લેવાના છે ત્યારે તેમના ભકતો બાધાઓ પુરી કરશે. શહેરના ધોળાકુવામાં રહેતા રહીશ આજે સચિવાલયમાં ૧૩ મણ પેંડા ખવડાવી બાધા પુરી કરશે.

ગાંધીનગર પાસેના ધોળાકુવાના રામદેવ કુટીર ખાતે રહેતા વિરમાભાઈ મેવાભાઈ રાવળ જેઓ સુરતમાં પ્લાસ્ટીક ફેકટરીના માલિક છે તેમણે નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન બને તે માટે બાબા રામદેવપીરની અખંડ જયોત જલાવી અને ૧૩ મણ પેંડા વહેંચવાની બાધા રાખી હતી. હવે જયારે મોદી પી.એમ. પદના શપથ ગ્રહણ કરવાના છે ત્યારે આ ભકત દ્વારા આજે વિધાનસભા સચિવાલયમાં ૧૩ મણ પેંડા વહેંચી બાધા છુટી કરશે. વિરમભાઈ અગાઉ નરેન્દ્ર મોદીએ બે વખત સી.એમ. પદના શપથ ગ્રહણ કર્યા ત્યારે પણ ૫૧ કિલો પેંડા વહેંચી ચુકયા છે.

ગુજરાત રાજય માહિતી ખાતાના કર્મચારીઓની ક્રેડીટ સોસાયટીની ચૂંટણીનું પરિણામ

# કરણસિંહ જી. વાઘેલા પ્રમુખપદે, મુકેશ જી. પટેલની માનદમંત્રી તરીકે વરણી

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજય માહિતી ખાતાના કર્મચારીઓની ક્રેડીટ



સોસાયટીની ચૂંટણી તા. ૧૮મી મેના રોજ જૂના સચિવાલય ખાતે યોજાઈ હતી. તેમાં પંદર જેટલા સભ્યોની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી કરવામાં આવી હતી.

ત્યારબાદ સર્વાનુમતે હોદ્દેદારોની નિયુકિત કરવામાં આવતા પ્રમુખપદે શ્રી કરણસિંહ જી. વાઘેલા અને માનદમંત્રી તરીકે શ્રી મુકેશભાઈ જી. પટેલની વરણી કરવામાં આવી હતી. ક્રેડીટ કો.ઓ. સોસાયટીના અન્ય હોદ્દેદારોમાં શ્રી ઈશ્વરભાઈ એમ. ઠાકોર-ઉપપ્રમુખ, શ્રી દેવજીભાઈ એ. સોલંકી-ખજાનચી અને શ્રી જગદીશ એન. સત્યદેવની આંતરિક ઓડીટર તરીકે નિયુકિત કરવામાં આવી હતી. જયારે પ્રવિણભાઈ બારોટ, ગલાભાઈ બારિયા, નરેશભાઈ ચાવડા, ઈન્દ્રકુમાર ચાવલા, જયંતિભાઈ ચૌધરી, પ્રહલાદભાઈ ચૌધરી, જી.એસ. ઠાકોર, રમણભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ અને સંજયકુમાર શાહની કારોબારી સભ્યપદે વરણી કરવામાં આવી છે.

# શહેરના આંતરીક માર્ગોના નવીનીકરણમાં મુકાયેલા બમ્પ અકસ્માતી બન્યા

## બમ્પ પર ચિહ્ન કે આગળ ચેતવણી ન મુકાતાં ચાલકો માર્ગ પર પટકાઈ પડે છે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના તમામ



સેકટરના આંતરીક માર્ગોનું નવીનીકરણ પૂરજોશમાં ચાલી રહ્યુ છે. આ પેવર થતાં માર્ગો ઉપર ઠેકઠેકાણે બમ્પ મુકી દેવાયા છે. જે બમ્પ ઉપર નથી કરેલું ચિહ્ન કે નથી મુકી ચેતવણી જેથી સપાટ માર્ગ જેવું જ લાગતા ચાલકો બમ્પના કારણે પટકાઈ રહ્યા છે અને ગંભીર ઈજાઓ થકી સારવાર લેવાની ફરજ પડી છે. માટે ત્વરિત ધોરણે મુકાયેલા બમ્પ ઉપર નિશાન કરી દેવા માંગ ઉઠી છે.

લોકસભાની ચુંટણીઓ પૂરી થતાં જ આચારસંહિતા ઉઠી ગઈ છે જેથી પ્રજા અને વિકાસલક્ષી કાર્યો વેગવાન બન્યા છે. જેમાં ગાંધીનગરના તમામ આંતરિક માર્ગોનું નવીનીકરણ શરૂ થઈ ગયું છે. જે શહેરીજનોએ હરખભેર આવકાર્યુ છે. પરંતુ બનાવાયેલા આ માર્ગો ઉપરના બમ્પ વાહનચાલકો માટે આત્મઘાતી પુરવાર થઈ રહ્યા છે. જેમાં બમ્પ ઉપર નથી કોઈ ચિહ્ન કર્યું જેવું કે બમ્પ ઉપર સફેદ કલરના પટ્ટાઓ દોરી દેવાય છે. અથવા તો નથી બમ્પની આગળ ચેતવણી દર્શાવતું બોર્ડ મુકાયું અને ડામરનો માર્ગ એકદમ સપાટ જ પ્રથમ દષ્ટિએ લાગે છે. જેથી સડસડાટ પસાર થતા વાહનચાલકો અચાનક જ બમ્પની અડફેટે ચડીને માર્ગ ઉપર પટકાય છે અને ગંભીર ઈજાઓનો ભોગ બની રહ્યા છે.



માર્ગ બન્યા પછી શહેરની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં અનેક લોકોએ સારવાર કરાવી હોવાના સમાચારો મળ્યા છે. જેથી માર્ગ બનાવનાર ઠેકેદારે શહેરીજનોની સલામતી ખાતર આવી ગંભીર બેદરકારીનો સત્વરે ઉકેલ લાવી યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ છે. હાલ આંતરીયાળ માર્ગો પણ સતત ટ્રાફીકથી ધમધમતા રહે છે જેથી ટેન્ડર પ્રક્રિયા દરમ્યાન જ નીતિ નિયમોમાં બમ્પ અને અન્ય લગત બાબતોનો ઉમેરો કરી વાહનચાલકો પ્રત્યે તંત્ર સજાગ બને તે ઈચ્છનીય બન્યું છે.

# ચિલોડાની ૧૭ વર્ષીય કિશોરી ત્રણ દિવસથી લાપતા

ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકા ખાતે આવેલા નાંદોલ વિસ્તારની મૂળ રહેવાસી અને હાલ ચિલોડા ખાતે સહકારી ડેરી પાછળ સ્થિત પટેલ વાસમાં રહેતી ૧૭ વર્ષીય કિશોરી બીનલ ગોપાલભાઈ -જાપતિ રવિવારે બપોરના અરસામાં પોતાના ઘરેથી ગામમાં કરિયાણું લેવા જવાનું કહીને નીકળી હતી. આજે ત્રણ દિવસ બાદ પણ તેણીનો કોઈ જ પત્તો લાગ્યો નથી કે તે ઘરે પણ પરત ફરી નથી. ચિંતિત પરિવારજનોએ કરેલી દિવસ-રાત શોધખોળ બાદ પણ તેણીના ક્યાયથી સગડ ન મળતા કિશોરીના પિતા ગોપાલભાઈએ ચિલોડા પોલીસ મથકે દીકરી ગુમ થયા અંગેની જાણવાજોગ નોંધાવી છે.




સાઈનબોર્ડની આવી દુર્દશા...? તુટેલો ભાગ પોલીસ સ્ટેશનની બહાર પડયો છે. કયારે જાગશે તંત્ર અને કયારે લાગશે સાઈનબોર્ડ...? (તસવીર : કશ્યપ નિમાવત)

# મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની વિદાયને લઈ ગાંધીનગરમાં અનોખો ઉત્સવ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના રાજકીય વાતાવરણમાં અનોખી રાજકીય ઉત્તેજનાનો માહોલ દેખાઈ રહ્યો છે. દેશના ભાવિ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે ગુજરાત બાદ હવે દેશનું સુકાન સંભાળવા જઈ રહ્યા છે ત્યારે તેમની વિદાયને લઈ આજે દિવસભર અનેક રાજકીય કાર્યક્રમો યોજાશે. પરિણામે પ્રજા અને નેતાઓ સહિત સૌ કોઈમાં રાજકીય ઉત્સવનો માહોલ જોવા મળી રહ્યો છે.

લોકસભાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ જનાદેશ મળ્યો છે. એક પછી એક રાજકીય ગતિવિધિ તેજ બની છે ત્યારે સૌ કોઈ નવા વડાપ્રધાનની શપથવિધિની રાહ જોઈ રહ્યા છે જેને લઈ હાલ ગાંધીનગરના રાજકીય વાતાવરણમાં ગરમાવો આવી ગયો છે. ભાજપના નાના મોટા સૌ કોઈ નેતાઓ હાલ ગાંધીનગરમાં ધામા નાખીને બેઠા છે.

દેશના ભાવિ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશનું નેતૃત્વ કરવા જઈ રહ્યા છે. તેના વિદાયને લઈ આજે ગાંધીનગરમાં સવારથી જ અનેક રાજકીય કાર્યક્રમો યોજાશે. જેમાં ખુદ નરેન્દ્ર મોદી હાજર રહેવાના છે.

આજે સવારે ગાંધીનગર ગુજરાત વિધાનસભા ખાતે વિશેષ સત્ર ૧૧ કલાકે યોજાશે. જેમાં તમામ ધારાસભ્યો વર્તમાન મુખ્યપ્રધાનને વિદાય આપશે. બપોરે ૩ કલાકે નરેન્દ્ર મોદી રાજભવન ખાતે રાજયપાલને મુખ્યમંત્રી પદેથી પોતાનું રાજીનામું સુપ્રત કરશે. સાંજે નવા નેતાની પસંદગી પ્રક્રિયાને લઈ ટાઉનહોલમાં હાજરી આપશે અને સાંજે વિધાનસભા સંકુલ પાછળ સચિવાલયનાં કર્મચારીઓને સંબોધશે. જેને લઈ સભા અને બેઠક સ્થળે તડામાર તૈયારીઓ પણ ચાલી રહી છે. આ રાજકીય ગતિવિધિ વચ્ચે ગાંધીનગરમાં અનોખો રાજકીય ઉત્સવ જોવા મળી રહ્યો છે અને સૌ કોઈ આ પ્રસંગના ભાગીદાર થવા ઉત્સુક બન્યા છે.

# સેવા સમર્પણ ફાઉન્ડેશ દ્વારા પૃથ્વી પર સૌ પ્રથમવાર ચમત્કારિક પવિત્રપૂર્ય (પુસ્તક)નું અવતરણ

અમદાવાદ ખાતે આવેલ ટાઉન હોલમાં હોમકાર સંપ્રદાયનાં સ્થાપક અને હોમકાર ચાલીસાનાં સર્જક યુગપરિવર્તક પ.પૂ. સંતશ્રી હોમ ઋષિ પ્રિતેશભાઈનાં હસ્તે લિખિત પવિત્રપૂર્ય આત્મખોજના પથ પરનું વિમોચન કરવામાં આવ્યું હતું. યુગપરિવર્તક પ.પૂ.સંતશ્રી હોમઋષિ પ્રિતેશભાઈ સાથેની મુલાકાત દરમ્યાન જણાવ્યું કે પૃથ્વી પરનું આ પ્રથમ પુસ્તક હશે જેમાં આત્મખોજ માટેનાં સરળ, સહજ અને ચમત્કારિક ઉપાયો બતાવવામાં આવ્યાં છે.

# આજે પંચદેવ મંદિરે આનંદનો ગરબો

ચામુંડા મંડળ દ્વારા નરેન્દ્રભાઈ મોદીના જવલંત વિજય નિમિત્તે આજ રોજ બુધવાર સાંજે ૩.૩૦ થી ૬.૩૦ સુધી પંચદેવ મંદિર સત્સંગ હોલ ખાતે આનંદનો ગરબો યોજવામાં આવશે. નગરના સર્વે ભકતજનોને નરેન્દ્રભાઈ મોદીના વિજયને વધાવવા અમીતભાઈ શેઠ દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# શહેરના દંપતિએ લગ્નની વર્ષગાંઠ વિકલાંગ વ્યક્તિને કૃત્રિમ અંગનું દાન કરી ઉજવી

## પોતાના ખાસ દિવસે ધૂમ ખર્ચ કરતા લોકોને વિકલાંગ વ્યકિતઓ પાછળ ખર્ચ કરવા પણ જણાવ્યુ

ગાંધીનગર, તા. ૨૦

આજનો યુવાન પોતાના ખાસ દિવસોને પશ્ચિમી સંસ્કૃતિની જેમ ઉજવતો હોય છે. તે દિવસે હજ્જારો રૂપિયાનો ધૂમાડો કરી નાખતો હોય છે. શહેરના એક સિનિયર સિટિજને પોતાના લગ્નની વર્ષગાંઠ દિવસે એક વિકલાંગને કૃત્રિમ અંગનું દાન કરી વર્ષગાંઠને યાદગાર બનાવી છે. તેમણે અન્ય લોકોને માનવતાનું દૃષ્ટાંત પુરૂ પાડ્યું છે.

આજનું યુવાધન પોતાના જન્મદિવસ, લગ્નની વર્ષગાંઠ, પરીક્ષાની ઉજવણી, સગાની ઉજવણીમાં હજ્જારો રૂપિયાનો ધૂમાડો કરી નાખતુ હોય છે. મિત્રો સાથે હોટલોમાં પાર્ટી કરવામાં આવતી હોય છે. તેમજ લોન્ગ ડ્રાઈવ પર ફરવા જતા રહેતા હોય છે. ત્યારે શહેરના સેક્ટર-૨૨માં રહેતા એક દંપતિએ પોતાના લગ્નની વર્ષગાંઠ અનોખી રીતે ઉજવી છે.

શહેરના રહિશ સિનિયર સિટિજન દ્વારા લગ્નની વર્ષગાંઠ નિમિત્તે કરવામાં આવતા ખર્ચના રૂપિયાને જરૂરીયાતમંદ વ્યક્તિ પાછળ ખર્ચ્યા છે. આ દંપતિએ એક વિકલાંગ વ્યક્તિને કૃત્રિમ અંગનું દાન કરી અનોખી રીતે ઉજવણી કરી અન્ય લોકોને દૃષ્ટાંત પુરૂ પાડ્યું છે.

તેમણે પોતાના વિશિષ્ટ દિવસો પાછળ ધૂમ ખર્ચા કરતા લોકોને જણાવ્યું છે કે જો આવા ખર્ચના રૂપિયા વિકલાંગ વ્યક્તિઓ પાછળ ખર્ચવામાં સહાયરૂપ થશે તો તેમની મનોવેદના દૂર થશે.

# શહેરના સે. ૩માં રહેતા સોની દંપતિએ ૫૧મી લગ્નની વર્ષગાંઠે આનંદનો ગરબો કરાવ્યો

## નાના મકાનમાં ૧૪ સભ્યોનો સોની પરિવાર સંયુક્ત કુટુંબની ભાવના ઉજાગર કરે છે



ગાંધીનગર, તા. ૨૦

હાલમાં સંયુકત કુટુંબો છીન્નભિન્ન થઈ રહ્યા છે અને વિભક્ત કુટુંબોનું સામ્રાજ્ય સ્થપાઈ ગયું છે. પુત્રો માતા-પિતાને ઘરડા ઘરમાં વસવાટ કરવા માટે મજબૂર કરવામાં આવે છે. શહેરના સેક્ટર-૩માં રહેતા ચાર પુત્રોએ માતા-પિતાની લગ્નની પ્રથમ વર્ષગાંઠ વિશેષ રીતે ઉજવી છે.

ગાંધીનગરના સેક્ટર-૩-એ-ન્યુ પ્લોટ નં. ૨૪૫/૨ ખાતે નિવૃત્ત સરકારી કર્મચારી અમૃતલાલ છોટાલાલ સોની તેમના પત્નિ પુષ્પાબેન અને ચાર પુત્રોના પરિવાર સાથે રહે છે. પોતાના માતા-પિતાના લગ્નની ૫૧મી વર્ષગાંઠ નિમિત્તે આનંદના ગરબાનું આયોજન કર્યું હતું.

એકજ મકાનમાં રહેતા અમૃતલાલ ખુબજ ધાર્મિક છે. પાંચ વર્ષ પગપાળા જઈ મા અંબાના ગબ્બરે માથુ ટેકવ્યુ છે. ઘરમાં પણ સવાર સાંજ પૂજા-અર્ચના કરવામાં આવે છે. ચાર પુત્રો અને પુત્રવધુઓ અને પાંચ પૌત્રો સાતે મિલનસાર સ્વભાવ રાખે છે. સંયુક્ત કુટુંબ હોવા છતાં ક્યારેક સાસુ-બહુને કે પિતા પુત્રને કચવાટ થતો નથી.

આ પરિવારને જોઈ સૌ કોઈ અચંબિત થઈ જાય છે. નાના મકાનમાં મોટુ કુટુંબ કોઈપણ જાતના ઝગડાઓ વિના સંયુક્ત કુટુંબની ભાવનાને ઉજાગર કરે છે. ત્યારે આવા સંયુક્ત કુટુંબને સો વાર સલામ !!!

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫

સૂર્યાસ્ત : ૭.૦૬

## તાપમાન

મહત્તમ : ૪૦.૩ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૪ ટકા ● સાંજે ૨૨ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૧૨.૦૦

ગોડજીલા (૩-ડી અંગ્રેજી):૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

મીલીઓન ડૉલર આર્મ : ૫.૧૫

: સ્ક્રીન-૨ :

ધ એક્સપોઝ : ૧૦.૦૦

એમ-૩ ૧૨.૩૦

હવાહવાઈ : ૩.૩૦

ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

ધ એક્સપોઝ : ૧.૦૦, ૩.૩૦, ૮.૦૦, ૧૦.૧૫

માઈટી રાજુ રીઓ કોલીંગ : ૬.૦૦

: સ્ક્રીન-૪ :

હવાહવાઈ : ૩.૩૦

ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦

ધ એક્સપોઝ : ૧૦.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ગોડજીલા(૩-ડી, હિન્દી) : ૧૦.૪૫,૧.૪૦,૪.૩૫,૭.૩૦,૧૦.૨૫

: સ્ક્રીન-૨ :

ગોડજીલા-૩ ડી (હિન્દી):૯.૪૫,૨.૪૫,૪.૦૦,૭.૦૦,૧૦.૧૫

સ્પાઈડરમેન-૨ (૩-ડી) : ૧૨.૪૫

: સ્ક્રીન-૩ :

ધ એકસપોઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૫, ૧૦.૩૫

હવાહવાઈ: ૫.૩૦

: સ્ક્રીન-૪ :

માઈટી રાજુ રીઓ કોલીંગ : ૯.૦૦, ૨.૧૫, ૭.૩૦

ધ ચિલ્ડ્રન ઓફ વોર (હિન્દી) : ૧૧.૧૫, ૪.૩૦, ૯.૪૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ધ એક્સપોઝ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

ગોડજીલા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

મીડ સમર મીડનાઈટ મુંબઈ: ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

ધ એક્સપોઝ : ૭.૦૦

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

● સ્વ. રંજનબેન હિંમતલાલ ચૌહાણ (ઉ.વ. ૭૫) બ્લોક નં. ૧૨૮/૭, જ-ટાઈપ, સેક્ટર-૨૯, ગાંધીનગર.